DIVYA BHASKAR, Navsari, 22.5.2024
Page No. 1, Size:(12.90)cms X (9.27)cms.
**Other Edition: Vapi**

**In Navsari district, after the pillar and viaduct, the work of making tracks has started**

# નવસારી જિલ્લામાં પિલર અને વાયડક્ટ બાદ ટ્રેક બનાવવાનું કામ જારી



નવસારી જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા ઝડપી ચાલી રહ્યું છે. અહીં 4 નદી ઉપર બ્રિજ બની ગયા છે. પિલર નાંખવાનું મોટાભાગનું તથા વાયડક્ટ (પૂલ જેવું સ્ટ્રક્ચર)નું ઘણું કામ પૂર્ણ થઈ ગયું છે. ગત સપ્ટેમ્બર મહિનાથી જે ટ્રેક નાંખવાની કામગીરી શરૂ કરાઈ હતી, જે હાલ જારી છે અને ઉપરોક્ત તસવીરમાં નજરે પડે છે.

DIVYA BHASKAR, Ahmedabad, 22.5.2024
Page No. 6, Size:(14.23)cms X (8.37)cms.

**Bullet Train Project: 87 percent of pillars and 50 percent of viaduct work completed in Gujarat**

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : ગુજરાતમાં પિલર્સનું 87 ટકા અને વાયડકટનું 50 ટકા કામ પૂર્ણ, 352 પૈકી 308 કિ.મી. ટ્રેકમાં પિલર્સ નંખાઇ ગયા



**ભદ્રેશ નાયક | નવસારી** અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું કામ 2 વર્ષ અગાઉ શરૂ કરાયું હતું. ગુજરાત અને સંઘપ્રદેશ દાદરાનગર હવેલીમાં ટ્રેનની લાઈન 352 કિલોમીટર છે, જેમાં હાલ સુધીમાં 308 કિલોમીટરમાં ટ્રેક માટેના પિલર્સ (થાંભલા) નંખાઈ પણ ગયા છે. બીજી તરફ પિલર્સ ઉપર પુલ સ્ટ્રકચર (જેને વાયડકટ કહેવાય છે) તેનું કામ પણ 170 કિ.મી.નું પૂર્ણ થઈ ગયું છે. આમ ગુજરાતમાં પિલર્સનું 87 ટકા અને વાયડકટનું 50 ટકા જેટલું કામ થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં કામ મોડુ શરૂ થયું હતું અને ઘણું કામ બાકી છે.